**સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૬**
**આંક –૧૩૭**

| સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૬ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 13 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | હમીદભાઈ ઈશાકભાઈ શેખ | | | |
| ધર્મ | મુસ્લીમ | | મોબાઈલ નંબર | 7043229441 |
| ઉંમર આશરે | ૬૮ | વરસની | ધંધો | મજુરી |
| રહેવાનુ | ગવાડી તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) હું ચાર ધોરણ સુધી ભણેલો છું. પોલીસે મારી ડીસા થી પાલનપુર જતો હતો અને તે સમયે મને પોલીસ સ્ટેશનમાં બોલાવીને મને એક કાગળમાં મારી સહી લીધેલી અને તે સહીને કેટલો સમય થયેલો તે હાલ હું કહી શકુ નહી અને પોલીસે મને કોઈ પંચનામાની સમજ કરેલ નહી અને આ પંચનામુ શી બાબતનું હતુ તેની મને સમજ કરેલ નહી અને હું પંચનામા વિશે જાણતો નથી. મારી હાજરીમાં કોઈ હથિયાર કબજે કરેલ નથી. હું કોઈ કલ્પેશભાઈ પેલાદભાઈને ઓળખતો નથી. આ કલ્પેશભાઈ પેલાદભાઈ સાથે મને પોલીસ લઈ ગયેલ હોય અને મારી હાજરીમાં આ કલ્પેશભાઈ કોઈ હથિયાર બતાવેલ હોય તેવુ બનેલ નથી.

મને આંક:૭૭વાળું પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૨ તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છું.

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય**

સાહેદની સહી.............................

**તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે તા.૨૬/૮/૧૬ના બપોરના ત્રણ વાગ્યાના સુમારે ડીસા રૂરલ પો.સ્ટે.ના લોકઅપમાં એક ઈસમ હાજર હતો. જે લોકઅપમાંથી આ ઈસમને બહાર કાઢી જેનું નામ ઠામ અમો પંચો રૂબરૂ પુછતા તેનું નામ કલ્પેશકુમાર પ્રહલાદભાઈ પટેલ રહે. મહેસાણાવાળો હોવાનુ જણાવેલ હતુ અને પોતે આ ગુનામાં વાપરેલ મારક હથિયાર બતાવવા માંગતો હોય અમુક જગ્યાએ રાખેલ હોવાનું જણાવતો હોય અને હથિયાર રજુ કરવાની ખાતરી આપતો હોય અમો પંચો તથા આપ સાહેબના સ્ટાફના માણસો સાથે સરકારી વાહનમાં બેસી રવાના થયેલા. એ વાત ખરી નથી કે આરોપીએ સદર ગાડી જલારામ મંદિર તરફ લેવાનુ કહેતા ગાડીને પાલનપુર હંકારવાનું કહેતા ગાડી પાલનપુર તરફ હંકારેલી અને એરોમા સર્કલ આવતા ગાડી અમદાવાદ રોડ ઉપર હંકારવાનું કહેતા ગાડી છાપી,સિધ્ધપુર,ઉંઝા ,ઉનાવા,ભાન્ડુ તરફ હંકારેલી અને ત્યાં તળેટી ગામનું બસસ્ટેન્ડ આવતા ગાડી ફતેપુરા તરફ હંકારવાનું કહેતા ગાડી તે તરફ હંકારી ત્યાંથી એક કિ.મી. જતા સિમેન્ટ થાંભલા પાસે ગાડી જમણી બાજુ વાળી બીજા નં.મકાન આગળ લાવી ઉભી રાખવાનું જણાવતા સદર ગાડી ઉભી રાખી અને ગાડીમાંથી અમો પંચો તથા પોલીસ અને આરોપી નીચે ઉતારી પૂર્વ દિશાના બારણાવાળા મકાનમાં એક બહેન માણસ હાજર હતુ જેને બતાવી મજકુર આરોપી પોતાની સગી બહેન મીનાક્ષીબેન પટેલ હોવાનુ જણાવેલ અને આ ગુનાના કામે વાપરેલ હથિયાર થેલી મુકી પોતાની બહેનને આપેલાનું જણાવેલ એટલે હાજર બહેનને થેલા બાબતે પુછતા આ થેલો પોતાની માં રઈબેન પેલાદભાઈ પટેલ કે જે મહેસાણા ખાતે ડ્રીમવીલા સોસાયટીમાં રહે છે જેમના નેજા હેઠળ પોતે જઈ આપી આવેલ હોવાનું જણાવેલ હતું. ત્યારબાદ ઘરમાંથી બહાર નીકળી અમો પંચો તથા

સાહેદની સહી............................

આ સાહેબના માણસો સાથે વાહનમાં બેસી ફતેપુરાથી રવાના થયેલા અને આરોપીના જણાવ્યા મુજબ સરકારી વાહન ચાલુ કરતા આરોપીએ સરકારી વાહન ડાબી બાજુ વાળવાનું જણાવેલ અને અમદાવાદ પાલનપુર હાઈવે રોડ આવતા સરકારી વાહન રોડ ક્રોસ કરી જમણી બાજુ આવતા તેના કહયા મુજબ સરકારી વાહન જમણી બાજુ ચલાવવામાં આવેલ જેમાં ઓવરબ્રિજ,દુધસાગર ડેરી, પાસ કરી રાધનપુર ચાર રસ્તા આવતા સરકારી વાહન જમણી બાજુ વાળવા જતા તે તરફ વાળી થોડેક દુર જઈ હોન્ડા શો રૂમ આવતા શોરૂમ પાસ કરી સરકારી વાહન ડાબી બાજુ વાળવા જણાવેલને સરકારી વાહન તે તરફ વાળી એરોડ્રામ કોટ પાસેથી આગળ ચલાવી શકિતકૃપા ફ્લેટથી શાંતિવિલા સોસાયટી થઈને ડ્રીમવીલા પહેલી તથા બીજી લાઈન પસાર કરી ત્રીજી લાઈનમાં ગાડી જમણી બાજુ વાળવા જતા ગાડી તે તરફ ચલાવી છેલ્લા મકાન નં.૯૮ આગળ સરકારી વાહન ઉભુ રાખવા જણાવતા આરોપીના કહયા મુજબ સરકારી વાહન ઉભુ રાખી અમો પંચો તથા પોલીસ તથા આરોપી ગાડીમાંથી નીચે ઉતરેલા અને સદર ઉત્તરદિશાના બારણાવાળા મકાનનો દરવાજો ખટખટાવતા તેમાંથી એક બહેન દરવાજો ખોલી બહાર આવેલ.

**રીશેષ સમય થતાં વધુ સરતપાસ મુલતવી.....**

**રીશેષ સમય પુરો થતાં ફરીયાદી તર્ફે વધુ સરતપાસ એ.પી.પી.શ્રી. વી.બી.કંસારા...**

**સોગંધ આપ્યા....**

(૨) એ વાત ખરી નથી કે, જેઓ પોતાની માતૃશ્રી રઈબેન હોવાનું આરોપીએ જણાવેલ. હાજર બહેન મીનાક્ષીબેને આપેલ થેલા બાબતે પુછતા થેલો પોતાના ઘરમાં હોવાનું જણાવતા અમો પંચો તથા પોલીસ તથા આરોપી સદરના મકાનમાં પ્રવેશ્યા અને પ્રવેશતા પહેલા ઓસરીની બાજુમાં પડેલ એક કબાટમાંથી એક થેલો કાઢી રજુ કરેલ. જે જોતા કબુતર અને કાળા કલરનો રેગઝીન હતો તેના ઉપર અંગ્રેજીમાં D/TROLL લખેલ

સાહેદની સહી.............................

હતુ જે થેલો છ ખાનાવાળો હતો તમામ ખાના ચેન વાળા હતા. પ્રથમ ખાનાની ચેન ખોલી જોતા કંઈ મળી આવેલ નહી .બીજા નંબરના ખાનામાં તપાસ કરતા એક રંગીન કાળા કલરના કવર જે કવર ઉપર સ્ટાર–૧ લખેલ હતુ. તેમજ બે બટનવાળુ હતુ આગળના ભાગે જોતા એક દેશી બનાવટની પિસ્તોલ મળી આવેલ. જેની ગ્રીપ કાળા કલરની પ્લાસ્ટિકની છે. સદર પિસ્તોલ લોખંડની જુના જેવી કાટવાળી છે. જેના ઉપર જોતા કોઈ કંપનીના લખાણ કે માર્કાનું લખાણ નથી. જેના ઉપર જોતા બીજા કોઈ નોંધપાત્ર નિશાન ન હતા. સદર પિસ્તોલ ચાલુ હાલતમાં છે જે પિસ્તોલ એક પ્લાસ્ટિકમાં મુકી અમો પંચો તથા આપ સાહેબની સહીવાળી કાપલી મુકી ડબ્બાનું ઢાંકણ બંધ કરી દોરાથી બાંધી લાખથી પી.આઈ.ડીસા રૂરલ પો.સ્ટે.ના માર્કાનું અંગ્રેજીમાં સીલ કરી તપાસ અર્થે કબજે કરેલ. સદર પિસ્તોલના કવરના મેગેજીન રાખવાના ખાનામાં તપાસ કરતા તેમાં થી પીળી ધાતુનો જીવતો કાર્ટીસ મળી આવેલ. જેને જોતા ઉપરના ભાગે અંગ્રેજીમાં KE445 લખેલ હતુ. જે કાર્ટીસ એક પ્લાસ્ટિકની થેલીમાં મુકી આપ સાહેબની સહીવાળી કાપલી મુકી બંધ કરી દોરાથી બાંધી લાખથી પી.આઈ.ડીસા રૂરલ પો.સ્ટે.ના માર્કાનું અંગ્રેજીમાં સીલ કરી તપાસ અર્થે કબજે કરેલ અને મળી આવેલ રેગજીન કવર તથા તેને પોલીસ ે અમારી હાજરીમાં તપાસ અર્થે કબજે કરેલ. તે સિવાય બીજી કોઈ વસ્તુ મળી આવેલ નહી. એ વાત ખરી નથી કે આરોપીઓને બચાવવા સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

**<u>આરોપીનં.૧,૩ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી..ડી.જી.તિવારી..</u>**

(૩) એ વાત ખરી છે કે પોલીસે મને સહી કરવા માટે બોલાવેલ મે સહી કરેલી તે સિવાય હું પોલીસ સાથે કયાંય ગયેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે મને એ કાગળ ઉપર સહી કરાવેલી તે મને વાંચી સંભળાવેલ નહી તે અંગે મને માહીતી પણ આપેલી નહી.

**<u>આરોપીનં.૨,૪ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી..ડી.આઈ.કોન્ટ્રાકટર..</u>**

**ઉપરની ઉલટતપાસ એડોપ કરેલી છે.**

**<u>આરોપીનં.પ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી..એ.એસ.ચાવડા..</u>**

સાહેદની સહી............................

**ઉપરની ઉલટતપાસ એડોપ કરેલી છે.**

**વિશેષ ઉલટતપાસ નથી,**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| | મારી રૂબરૂ, |
| મુ. ડીસા<br>તા. ૩૦/૦૭/૨૦૨૫ | (કુ.એસ.એમ.કાનાબાર)<br>૬ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................